# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા: ૬/૮/૨૦૨૦

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ગ્લોબલ વર્ચ્યુઅલ એચ.આર. કોન્ફરન્સ 'એચઆરએમ સમિટ ૨૦૨૦ ઇન્ડિયા અંતર્ગત હયુમન રિસોર્સ મેનેજમેન્ટ વિશે પેનલ ડિસ્કશન યોજાયું

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ઇમ્પેક્ટ ગ્લોબલના સંયુક્ત ઉપક્રમે તા. ૩ થી ૭ ઓગષ્ટ ૨૦૨૦ દરમિયાન ભારતમાં પ્રથમ વખત ગ્લોબલ વર્ચ્યુઅલ એચ.આર. કોન્ફરન્સ 'એચઆરએમ સમિટ ૨૦૨૦ ઇન્ડિયા'નું આયોજન કરવામાં આવ્યું હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી કેતન દેસાઇએ પ્રથમ દિવસે સર્વેને આવકારી સંબોધન કર્યુ હતું. તેમણે જણાવ્યું હતું કે, એપ્પલના સીઇઓ શ્રી સ્ટીવ જોબ્સના કોચ રહી ચૂકેલા શ્રી જોહ્ન મેટોન અને ભારતમાં હયુમન રિસોર્સ મેનેજમેન્ટમાં મહત્વનો ફાળો આપનાર પ્રોફેસર ટી.વી. રાવને આ સમિટમાં કી નોટ સ્પીકર તરીકે મેળવી શકયા છીએ એ ચેમ્બર માટે ગર્વની વાત છે. હયુમન રિસોર્સ મેનેજમેન્ટનો ખ્યાલ પર્સનલ મેનેજમેન્ટમાંથી આવ્યો છે. સ્વતંત્રતા બાદ શ્રમિકો માટે વિવિધ કાયદા ઘડવામાં આવ્યા હતા. ત્યારબાદ જેમ જેમ ભારતની પ્રગતિ થતી ગઇ તેમ તેમ હયુમન કેપીટલ મેનેજમેન્ટનો પણ સમાવેશ થતો ગયો. જેમાં કર્મચારીઓને સાંભળવાનું તેમજ તેમની સમસ્યાનું નિરાકરણ લાવવાની શરૂઆત થઇ હતી.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આજના યુગમાં કોઇપણ સંસ્થાને ટકાવી રાખવા તેમજ તેની સફળતા માટે હયુમન રિસોર્સ મેનેજમેન્ટ ખૂબ જ જરૂરી બની ગયું છે. લેબર વેલ્ફેર અને કોમ્પ્લાયન્સ હવે નાની સંસ્થાઓમાં પણ જરૂરી બની છે. ચાઇના અને યુએસને ઓવરટેક કરી ભારત સ્ટાર્ટઅપમાં સૌથી વધુ આગળ નીકળી ગયું છે ત્યારે જેમ જેમ ટેકનોક્રેટ આગળ આવશે તેમ એચ.આર. મેનેજર્સનો રોલ લીડરશિપમાં મહત્વનો બનતો જશે. પાંચ દિવસની આ સમિટમાં ૯૦ જેટલા નિષ્ણાંત વકતાશ્રીઓ પાસેથી એચ.આર.નો કોન્સેપ્ટ અને મોટીવેશનલ થીયરી શીખવા મળશે તેમ કહી સર્વેને સમિટ માટે અભિનંદન આપ્યા હતા.

દરમિયાન તા. ૫ ઓગષ્ટ, ૨૦૨૦ ના રોજ હયુમન રિસોર્સ મેનેજમેન્ટ વિષય ઉપર પેનલ ડિસ્કશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોડરેટર તરીકે ચેમ્બરના ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુક્લએ વિષયની પ્રસ્તાવના કરતાં જણાવ્યું હતું કે, કોરોના પશ્ચાત વ્યવસાય ક્ષેત્રે નવાં પડકાર ઉભા થયાં છે. જેમ કે વેચાણમાં ઘટાડો, કામદારોનું સ્થળાંતર, આર્થિક વિટંબણા આવી અનેક સમસ્યાના પડકારોને પહોંચી વળવા આઉટ ઓફ બોક્ષ વિચારવું પડશે. ન્યુ નોર્મલની પ્રક્રિયા ઘડવી પડશે. તેમણે નવી એજયુકેશન સિસ્ટમ, મોર્ડન ટેકનોલોજી, માલિક અને સ્ટાફ વચ્ચેની સંવાદિતતા જેવાં વિષયો પરત્વે જાગૃતતા અને નવિન અભિગમ કેળવવાની વાત કરી હતી.

હયુમન રિસોર્સ મેનેજમેન્ટ વિષય ઉપર પેનલ ડિસ્કશનમાં સૌપ્રથમ ઓરો યુનિવર્સિટીના ડીન ડો. રોહિત સિંગે જણાવ્યુ હતુ કે, વિદ્યાર્થીઓ વિવિધ કોર્સનો અભ્યાસ કરી લેતા હોય છે પણ તેઓની સ્કીલ ઇન્ડસ્ટ્રીમાં ઉપયોગી થતી નથી. આથી ઇન્ડસ્ટ્રી અને શૈક્ષણિક સંસ્થાઓએ સંકલન સાધીને ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબના કોર્સ ડેવલપ કરવા પડશે. શૈક્ષણિક સંસ્થાઓએ ઇન્ડસ્ટ્રીની જરૂરિયાતને ધ્યાનમાં રાખીને સ્કીલ ટ્રેનીગ પ્રોગ્રામ અને સ્કીલ ડેવલપમેન્ટ પ્રોગ્રામ બનાવવા પડશે. જેમાં પ્રોપર કોમ્યુનિકેશન, સોશિયલ સ્કીલ્સ, લીડરશિપ તેમજ પ્રોબ્લેમ સોલ્વીંગ સ્કીલનો સમાવેશ કરવામાં આવે. તદુપરાંત ઇન્ડસ્ટ્રીમાં આવેલા બદલાવ વિશે પણ વિદ્યાર્થીઓને જાગૃત કરવા પડશે અને તેઓને રિસ્કીલીગ માટે તૈયાર કરવા પડશે.

આર.એસ.એમ. એસ્ટયુટ કન્સલ્ટીગ ગૃપના શ્રી નિરવ જોગાણીએ જણાવ્યું હતું કે, હયુમન રિસોર્સ મેનેજમેન્ટ અત્યારના સંજોગોમાં ફાયનાન્સ માટે મહત્વનું બની ગયું છે. લોકડાઉન દરમિયાન ક્રાઇસિસ મેનેજમેન્ટ માટે એચ.આર. એ મહત્વની ભૂમિકા ભજવી શકયું હતું. કારણ કે, આ સમયમાં કેશ ફ્લો અને કર્મચારીઓના પેમેન્ટ માટેના ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા હતા. આથી એચ.આર. દ્વારા મેનેજમેન્ટ અને કર્મચારીઓ વચ્ચે બેલેન્સ કરી શકાયું હતું. ટેક્નોલોજી ખૂબ જ ઝડપથી બદલાઇ રહી છે અને કર્મચારીઓને પણ ઘણા ટાસ્ક એક સાથે કરવાના હોય છે ત્યારે યંગ જનરેશન માટે સ્કીલ અને રિસ્કીલીગના પ્રોગ્રામ ઉપયોગી બની રહેશે.

ચેમ્બરના ભૂતપૂર્વ પ્રમુખ તેમજ ઇન્ડો થાઇ ચેમ્બર ઓફ એમ.એસ.એમ.ઇ.ના ચેરમેન શ્રી રોહિત મહેતાએ જણાવ્યું હતું કે, એમ.એસ.એમ.ઇ.માં બેટર પ્રોડકટીવિટી માટે દરરોજ ચેલેન્જીસ ઉભી થાય છે. મલ્ટીપલ એકટીવિટીઝ પણ થતી હોવાથી ઇન્ડસ્ટ્રીની જરૂરિયાત મુજબ કર્મચારીઓની ડિમાન્ડ રહે છે. કોર્પોરેટ કલ્ચરમાં ડેડીકેટેડ હયુમન રિસોર્સ મેનેજમેન્ટ હોય જ છે. પરંતુ લઘુ ઉદ્યોગોમાં મોટાભાગે માલિક તથા તેના વિશ્વાસુના ભરોસે કંપનીનું કામકાજ ચાલતું હોય છે. આથી એચ.આર. પ્રોફેશનલ્સને એમ.એસ.એમ.ઇ.માં રાખવા જોઇએ. કારણ કે તેઓ બિઝનેસની મુશ્કેલીઓને પણ દૂર કરવાનું કામ કરે છે.

શ્રી રામકૃષ્ણ એક્ષ્પોર્ટ્સના સી.એચ.સી.ઓ. ડો. નિરવ મંડિરે જણાવ્યું હતું કે, માર્કેટમાં પોતાની પોઝીશનને ટકાવી રાખવા માટે મોટી કંપનીઓ મથતી હોય છે અને તેઓને ડેડીકેટેડ કર્મચારીઓ ગુમાવવાનો પણ ડર હોય છે. પરંતુ નાની કંપનીઓને વધારેમાં વધારે કામ કરવાનું એક્સાઇટમેન્ટ હોય છે. તેમણે પેરાડોકસ વિશે માહિતી આપી હતી.